# ફેબ્રુઆરી

૧ ફેબ્રુઆરી ૧૯૧૬ - ગુજરાતી કવિ, વાર્તાકાર વેણીભાઈ જમનાદાસ પુરોહિતનો જન્મ જામખંભાળીયામાં થયો હતો. તેમનું ઉપનામ ' સંત ખુરશીદાસ' હતું. ' દિપ્તી', ' આચમન' અને ' ગુલઝારે શાયરી' તેમના કાવ્યસંગ્રહો છે. (અવસાન- ૩/૧૧/૧૯૮૦)

૧ ફેબ્રુઆરી ૧૯૫૭ – હિન્દી ફિલ્મોમાં મુખ્ય અભિનેતાની ભૂમિકા કરનાર અલ્પ ગુજરાતી કલાકારોમાંના જેકી કાળુભાઈ શ્રોફનો જન્મ મુંબઈમાં થયો હતો.ઈ.સ. ૧૯૮૨માં' સ્વામી દાદા' ફિલ્મમાં શક્તિકપૂરના સાથે અભિનય કર્યો હતો.

૩ ફેબ્રુઆરી ૧૯૩૮ – ગુજરાતી સાહિત્યના તમામ સાહિત્યસ્વરૂપમાં સાહિત્યસર્જન કરનાર ચંદ્રકાન્ત ત્રિકમલાલ શેઠનો જન્મ ખેડા જીલ્લાના કાલોલમાં થયો હતો. તેમના ઉપનામ ' આર્યપુત્ર', 'નંદ સામવેદી' અને 'બાલચંદ્ર' હતા. ' ધૂળમાંની પગલી' કૃતિને દિલ્લી સાહિત્ય અકાદમી એવોર્ડ એનાયત થયેલ છે.

૪ ફેબ્રુઆરી ૧૯૪૩ – એફીલ ટાવરે રાસ ગરબાની રમઝટ બોલાવનાર પ્રથમ ગુજરાતી કવિ અને સાહિત્યકાર બાબુભાઈ રાણપુરાનો જન્મ મહેસાણા તાલુકાના ઝાકાસણા ગામમાં થયો હતો. ઈ.સ. ૧૯૮૫માં એફીલ ટાવરથી ' ફેસ્ટીવલ ઓફ ઈન્ડીયા'માં આપણા મલકના માયાળુ માનવી' લલકાર્યું હતું. (અવસાન- ૧૬/૭/૨૦૧૪)

૪ ફેબ્રુઆરી ૧૯૦૩ – ગુજરાતના સંસ્કૃત પુરૂષ અને મહાન નાટ્યકાર ડૉ. પ્રમોદરાય બાલકૃષ્ણ પાઠકનો જન્મ થયો હતો. ઈ.સ. ૧૯૧૧માં બાળકલાકાર સૌપ્રથમ ' અમરસત્ર' નાટકમાં અભિનય કર્યો. ' દેડકાની પાંછેરી', ' કૃષ્ણકુમારી' અને ' જ્યાજયંત', ' બે ખરાબ જણ' નાટકોમાં દિગ્દર્શક તરીકે કામગીરી કરી હતી. ( અવસાન- ૪/૬/૨૦૦૨)

૫ ફેબ્રુઆરી ૧૯૭૮ – ગુજરાતી નવલકથાકાર, વાર્તાકાર રઘુભાઈ દલસિંહ ચૌધરીનો જન્મ બાપુપુરમાં થયો હતો.તેમનું ઉપનામ ' લોકાયતસૂરી' અને ' વૈશાખનંદન' હતું. ' વચલું ફળિયું', 'ઉપરવાસ', 'સહવાસ', અંતરવાસ' અને ' કંડકટર' તેમની નોંધપાત્ર કૃતિઓ છે. ' તમસા' અને 'ડીમ લાઈટ' તેમના એકાંકીસંગ્રહ છે.

gnanbhandar.com

૮ ફેબ્રુઆરી ૧૮૮૦ – વિરલ વિભૂતિ પ્રજ્ઞાચક્ષુ તથા ભારતના એક મહાન સારસ્વત પંડિત સુખલાલજી સંદાજી સંઘવીનો જન્મ વઢવાણ નજીક સુરેન્દ્રનગર પાસેના લીમડી ગામમાં થયો હતો. તેમણે ' યોગદર્શન', જ્ઞાનબિંદુ' અને ' ધર્મ અને સમાજ' તેમની સુપ્રસિદ્ધ કૃતિઓ છે. (અવસાન- ૨/૩/૧૯૭૮)

૮ ફેબ્રુઆરી ૧૯૨૮ – ' લાફ્ટર મુવમેન્ટ ફોર હેલ્થ એન્ડ ફીટનેશ' ના સ્થાપક તથા સમાજના આરોગ્યની ચિંતા સેવનાર ડૉ. મુકુન્દ મહેતાનો જન્મ થયો હતો.

૯ ફેબ્રુઆરી ૧૯૦૭ – ગુજરાતી સાહિત્યમાં બાળસાહિત્ય અને નિબંધક્ષેત્રે સાહિત્યસર્જન કરનાર વિનોદીનીબહેન નીલકંઠનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ' ગુજરાત સમાચાર'માં ' ઘર ઘરની જ્યોત' કોલમ દ્વારા મહિલાઓમાં ઉન્નતી લાવવાનો પ્રયાસ કર્યો હતો.

૧૦ ફેબ્રુઆરી ૧૯૧૬ – ગુજરાતી ભાષામાં ' જનમટીપ' જેવી યાદગાર નવલકથા આપનાર ઈશ્વર મોતીભાઈ પેત્લીકારનો જન્મ ચરોતરના નાનકડા ગામ પેટલીમાં થયો હતો. તેમણે ' લોહીની સગાઈ', 'જનમટીપ' લોકપ્રિય નવલકથાઓ લખી છે. આ ઉપરાંત ' યુગના એંધાણ', ' ઋણાનુંબંધ', 'જય પરાજય', ' ધૂપસળી' અને ' અભિજાત' નવલકથાઓ પણ આપી છે. (અવસાન-૨૨/૧૧/૧૯૮૩)

૧૨ ફેબ્રુઆરી ૧૯૨૪ – સમાજસુધારણાના સબળ સમર્થક મહર્ષિ સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ સૌરાષ્ટ્રના મોરબી નજીક આવેલ ટંકારા ગામમાં થયો હતો. તેમણે ઈ.સ.૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના કરી હતી. તેમણે ' વેદ તરફ પાછા વળો'નું સૂત્ર આપ્યું હતું.

૧૨ ફેબ્રુઆરી ૧૯૩૮ – લોકસાહિત્ય- લોકસંસ્કૃતિના અભ્યાસી, નવલકથાકાર ડૉ. હસુ વ્રજલાલ યાજ્ઞીકનો જન્મ રાજકોટમાં થયો હતો. તેમણે ૨૦ નવલકથા, ૭ વાર્તાસંગ્રહો અને ૧૫થી વધારે લોકસાહિત્યના સંશોધન સંપાદનની કામગીરી કરી હતી.

૧૩ ફેબ્રુઆરી ૧૯૦૨ – ગુજરાતના વિચારનિષ્ઠ અને કર્મઠ કુલનાયક અને રાજપુરુષ ઠાકોરભાઈ મણીભાઈ દેસાઈનો જન્મ સુરત જીલ્લાના વેગામમાં થયો હતો.તેમણે ' ગીતા પ્રવચનો' શ્રેષ્ઠ અનુવાદ કાર્ય હતો. ( અવસાન ૧૫/૬/૧૯૭૧)

gnanbhandar.com

૧૩ ફેબ્રુઆરી ૧૯૨૮ – ગુજરાતી વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર અને કટાક્ષલેખક મોહમ્મદ વલીભાઈ માંકડનો જન્મ પાળીયાદમાં થયો હતો. તેમની ' અજાણ્યા બે જાણ', 'મોર પિચ્છના રંગ', ગ્રહણ રાત્રિ', અને કેલિડોસ્કોપ' તેમની લોકપ્રિય નીવડેલી કૃતિઓ છે. તેમની પ્રથમ લઘુનવલ ' કાયર' અને ત્યારપછી ' ધુમ્મસ' લખી છે.

૧૪ ફેબ્રુઆરી ૧૯૦૩ – ગુજરાતના મહાન નાટ્યકાર અને દિગ્દર્શક અભિનેતા પ્રમોદ્ચાન્દ્ર બાલકૃષ્ણ પાઠકનો જન્મ થયો હતો. તેમણે જુદી જુદી નાટ્ય સંસ્થાઓમાં દિગ્દર્શક તરીકે સેવાઓ આપી હતી. ( અવસાન ૨/૬/૨૦૦૨)

૧૪ ફેબ્રુઆરી ૧૯૦૫ – ગુજરાતના ભાતીગળ લોકજીવનને મીઠાશભર્યા રંગોમાં આલેખનાર મહાન ચિત્રકાર સોમાલાલ ચુનીલાલ શાહનો જન્મ ભાવનગરમાં થયો હતો. (અવસાન-૧૨/૧૧/૧૯૯૪)

૧૪ ફેબ્રુઆરી ૧૯૨૯ – ગુજરાતના સેવાભાવી ડોક્ટર વસંતભાઈ પરીખનો જન્મ મહેસાણા જીલ્લાના વડનગરમાં થયો હતો. સિદ્ધાંતનિષ્ઠ , મૂકસેવક વસંતભાઈ પરીખ વિધાનસભાના સભ્ય તરીકે પણ સેવા આપી હતી. (અવસાન ૧૫/૩/૨૦૦૭)

૧૫ ફેબ્રુઆરી ૧૯૨૬ – શ્રીમદ્દ ભાગવતની એક હજારથી પણ વધુ કથાઓ કરીને પ્રજામાં સંસ્કારસિંચન કરનાર ડોંગરેજી મહારાજનો જન્મ ઇન્દોરમાં થયો હતો.તેમણે સૌપ્રથમ કથાનો પ્રારંભ ઈ.સ.૧૯૪૮માં લક્ષ્મણ મહારાજના મઠ જંબુબેટમાં કર્યો હતો. તેમણે લગભગ ૧૧૦૦ જેટલી ભાગવત કથાઓ કરી હતી. ( અવસાન ૮/૧૧/૧૯૯૦)

૧૬ ફેબ્રુઆરી ૧૯૨૧ – પગપાળા રખડીને લોકસાહિત્યનું સંશોધન કરનાર તથા સ્નેક પુસ્તકો લખનાર પુષ્કર પ્રભાશંકર ચંદવાકરનો જન્મ ધંધુકાના ચંદરવા ગામમાં થયો હતો. (અવસાન ૧૬/૫/૧૯૯૫)

૧૬ ફેબ્રુઆરી ૧૯૩૭ – સુપ્રસિદ્ધ ચિત્રકાર, કવિ અને કલાવિવેચક ગુલામ મોહમ્મદ શેખનો જન્મ સુરેન્દ્રનગરમાં થયો હતો. તેમણે ઈ.સ. ૧૯૭૪માં ' અથવા' કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો હતો.

૧૮ ફેબ્રુઆરી ૧૯૦૯ – આધુનિક વનસ્પતિશાસ્ત્રના પિતા સમાન ગુજરાતના ગૌરવંતા અને ' કાર્ય એ જ સેવા' જેમનો જીવનમંત્ર હતો એવા જમશેદજી જીજાભાઈ ચીનોયનો જન્મ કચ્છ ભૂજમાં થયો

gnanbhandar.com

હતો. તેમણે વનસ્પતિના ઉપાયમાં એસ્કોર્બિક એસીડનો ફાળો નામના ગ્રંથની રચના કરી હતી. ( અવસાન – ૧૨/3/૧૯૭૮)

૧૯ ફેબ્રુઆરી ૧૮૯૯ – ગુજરાતમાં પંચાયતી રાજના પ્રણેતા શ્રી બળવંતરાય મહેતાનો જન્મ ભાવનગરમાં થયો હતો. તેઓ ઈ.સ.૧૯૬૩માંગુજરાત રાજ્યના બીજા મુખ્યમંત્રી બન્યા અને પંચાયતી રાજ્યની સ્થાપના કરી. (અવસાન ૧૯/૯/૧૯૬૫)

૧૯ ફેબ્રુઆરી ૧૯૨૯ – પત્રકારત્વએ કારકિર્દી પર સાહિત્યસર્જનએ જેમનો જીવનરસ છે તેવા ભૂપત છોટાલાલ વડોદરિયાનો જન્મ ધ્રાંગધ્રામાં થયો હતો. તેઓ ' ફૂલછાબ' ના તંત્રી પદે સેવા આપી હતી. તેઓ ' સમભાવ' દૈનિક તથા ' અભિયાન' સાપ્તાહિક સાથે જોડાયેલ છે. ' પ્રેમ એક પૂજા' અને ' જીવન જીવવાનું બળ' તેમના વાર્તાસંગ્રહો છે.

૧૯ ફેબ્રુઆરી ૧૯૩૨ – ' જન્મભૂમિ' દૈનિકપત્રના મદદનીશ તંત્રીપદે સેવા આપનાર હસમુખ ચીમનલાલ ગાંધીનો જન્મ વડોદરામાં થયો હતો. તેઓ ' જન્મભૂમિ' અને જનશક્તિ' અખબારમાં સબ એડિટર તરીકે જોડાયા હતા. (અવસાન ૨૬/૧/૧૯૯૯)

૧૯ ફેબ્રુઆરી ૧૯૬૫ – ગુજરાત મહિલા ક્રિકેટના પ્રણેતા અને કોચ ગૌતમ શાહનો જન્મ થયો હતો.

૨૨ ફેબૃઆરી ૧૮૯૨ – અર્વાચીન ગુજરાતના જાહેર જીવનના શિલાલેખ સમા ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકનો જન્મ નડિયાદમાં થયો હતો. તેઓ ' પામદત્ત' અને ' સમાજશાસ્ત્રી' ઉપનામ ધરાવતા હતા. તેઓ 'અમીર નગરીના ફકીર બાદશાહ' તરીકે ઓળખાતા હતા. ' નવજીવન' અને 'સત્ય' સામયિકના તંત્રીપદે સેવા આપી હતી.ઈ.સ. ૧૯૨૨માં ' યુગધર્મ' માસિકની શરૂઆત કરી હતી. મહાગુજરાતના આંદોલનના અગ્રીમ હરોળના નેતા હતા. અમદાવાદ નજીક નૈન્પુરમાં ગરીબોની સેવા માટે આશ્રમની સ્થાપના કરી હતી. (અવસાન- ૧૭/૭/૧૯૭૨)

૨૨ ફેબ્રુઆરી – ગુજરાતી બાળવાર્તાકાર રમણલાલ સોનીનો જન્મ થયો હતો.

૨૩ ફેબ્રુઆરી ૧૮૨૪ – ભારતીય સમાજમાં સામાજિક તેમ જ ધાર્મિક જાગૃતિ લાવનાર સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ મોરબી પાસે ટંકારા ગામમાં થયો હતો.ઈ.સ. ૧૮૭૫માં તેમણે ' આર્યસમાજ'ની સ્થાપના કરી હતી. તેમણે ' વેદ તરફ પાછા વળો'નું સૂત્ર આપ્યું. (અવસાન- ૩૧/૧૦/૧૮૮૩)



gnanbhandar.com

૨૩ ફેબ્રુઆરી ૧૯૦૯ – ઔદ્યોગિક બિરાદરીની સ્થાપના કરનાર ચાંપશીભાઈ શ્રોફનો જન્મ કચ્છમાં થયો હતો. ઈ.સ. ૧૯૪૧માં તેમણે પોતાની ' એક્સેલ' કંપની શરૂ કરી હતી. (અવસાન- ૩/૨/૧૯૬૮)

૨૩ ફેબ્રુઆરી ૧૯૧૦ – ગાંધીયુગના જાણીતા કવિ મુરલીધર રામચંદ્ર ઠાકુરનો જન્મ ઇડર રાજ્યના સુવેર ગામમાં થયો હતો. (અવસાન ૨૨/૪/૧૯૭૫)

૨૪ ફેબ્રુઆરી ૧૯૧૬ – વક્તૃત્વશક્તિ અને નિર્ભીક રાજકીય વિચારસરણી ધરાવતા સંતપ્રસાદ રણછોડદાસ ભટ્ટનો જન્મ સુરતમાં થયો હતો. ( અવસાન – ૨૪/૫/૧૯૮૪)

૨૪ ફેબ્રુઆરી ૧૯૬૨ – ચેસ ખેલાડીઓના લાડીલા સ્વામી સર રાજેન્દ્ર નારાયણનો જન્મ થયો હતો.

૨૫ ફેબ્રુઆરી ૧૮૮૪ – ગુજરાતના મૂકસેવક તથા ગરવા ગુજરાતી રવિશંકર શિવરામભાઈ મહારાજનો જન્મ માત્ર તાલુકાના રઢુ ગામમાં થયો હતો. તેઓ ભૂદાન પ્રવૃતિના તેઓ ચાહક હતા. (અવસાન – ૧/૭/૧૯૯૪)

૨૫ ફેબ્રુઆરી ૧૮૬૯ – ગુજરાતી ગદ્યકાર આનંદશંકર બાપુભાઈ ધ્રુવનો જન્મ અમદાવાદમાં થયો હતો. ' મુમુક્ષુ' અને ' હિંદહિતચિંતક' તેમના ઉપનામો છે. ' સુદર્શન' સામયિકના તંત્રી રહ્યા હતા. ઈ.સ. ૧૯૦૨માં ' વસંત' સામયિકની શરૂઆત કરી. ' સાહિત્યવિચાર' અને ' વિચાર માધુરી' તેમના સાહિત્યિક વિષયક લેખસંગ્રહો છે. (અવસાન- ૭/૪/૧૯૪૨)

૨૭ ફેબ્રુઆરી ૧૮૯૮ – ' કુમાર' માસિકના સ્થાપક બચુભાઈ પોપટભાઈ રાવતનો જન્મ અમદાવાદમાં થયો હતો.' ગુજરાતી ગ્રંથસ્થ ચિત્રકલા' કલાવિષયક લેખો અને કલાવિવેચક પુસ્તક લખ્યું છે. (અવસાન- ૧૨/૭/૧૯૮૦ )

૨૯ ફેબ્રુઆરી ૧૮૯૬ – અડગ મનોબળના પ્રહરી અને માજી વડાપ્રધાન, સ્પષ્ટવક્તા મોરારજીભાઈ રણછોડજી દેસાઈનો જન્મ વડોદરા જીલ્લાના ભદેલી ગામમાં થયો હતો. તેઓ ઈ.સ.૧૯૭૭માં ભારતના વડાપ્રધાન બન્યા હતા.ઈ.સ. ૧૯૮૮માં' નિશાને એ પાકિસ્તાન'નો ઈલ્કાબ અને ઈ.સ. ૧૯૯૮માં ' ભારતરત્ન' એનાયત થયેલ છે. (અવસાન-૧૦/૪/૧૯૯૫)

gnanbhandar.com

૨૯ ફેબ્રુઆરી ૧૯૫૨ – ગુજરાતના હાસ્યલેખક અશોકભાઈ દવેનો જન્મ જામનગરમાં થયો હતો. તેમણે ' અશોક દવેની સિક્સરો ' તથા ' પેટ છૂટી વાત' જેવા હાસ્ય પુસ્તકો આપ્યા છે. ' બુધવારની બપોર' કોલમ તેમની લોકપ્રિય બની હતી.

gnanbhandar.com